ચોપાઇ- હવે સાંખ્યયોગી કહું ભાઈ, જેને પ્રીત પુરુષોત્તમમાંઈ ।
સદા રહેછે પ્રભુજી પાસ, થઈ ચરણકમળના દાસ ॥૧॥
હરિપાસે રહે છે હમેશ, અતિત્યાગી ને ઉજવળ વેષ ।
રાખી મુનિ જેવાં વ્રતમાન, ભાવે ભજે છે શ્રીભગવાન ॥૨॥
સર્વ જકતના જીવશું તોડી, જેણે પ્રીત પ્રભુજીશું જોડી ।
દેહગેહતણાં સુખ ત્યાગી, થયા પ્રભુપદ અનુરાગી ॥૩॥
ઉઠે બેસે ચાલે જુવે જમે, કરે તેહ જે નાથને ગમે ।
નિત્ય જોઈ મહારાજની મરજી, વર્તે મનની મમતા વરજી ॥૪॥
આજ્ઞાકારી છે જેહનાં અંગ, કેદિ ન કરે વચનનો ભંગ ।
જાણે દેશ કાળ વળી સમે, કરે તેજ જે નાથને ગમે ॥૫॥
મરજી વિના પગલું ન ભરે, અંતરમાં નિરંતર ડરે ।
અતિ સમજુ ને સંત સ્વભાવ, પ્રેમી નિયમી ને ભક્તિભાવ ॥૬॥
દામ વામ જાણી દુઃખદાઈ, અતિ અભાવ છે મનમાંઈ ।
એવા સાંખ્યયોગીનો સમોહ, જેને કામ ક્રોધ નહિ મોહ ॥૭॥
લોભ લાલચ સ્વાદ સનેહ, આશા તૃષ્ણા તે તજીછે તેહ ।
હર્ષ શોક નહિ વૃધ્ધિ હાણ્ય, જેણે મેલી તનમન તાણ્ય ॥૮॥
પંચ વ્રતમાનમાંહિ પૂરા, અંતર સાધુ ને ઉપર શૂરા ।
અતિસમર્થ ને સાવધાન, વળી નિરસ્નેહી નિરમાન ॥૯॥
એવા સાંખ્યયોગી જે સુજાણ, કરૂં તેનાં હું શિયાં વખાણ ।
બીજાં ગૃહી ઘણાં બાઈ ભાઈ, જેને પ્રીત્ય છે પ્રભુજીમાંઈ ॥૧૦॥
ચોરી અવેરી મદિરા માંસ, તેની કરે નહિ કેદિ આશ ।
પડ્યું દ્રવ્ય પારકું ન હરે, ખોટી સાંખ્ય ભૂલે નવ ભરે ॥૧૧॥
ગાંજા ભાંગ્ય લસણ ડુંગળી, કેફ મફર માજમ વળી ।
કરી કેફ સરવેનો ત્યાગ, રાખે પ્રભુ સાથે અનુરાગ ॥૧૨॥
એવાં ગૃહસ્થ ઘણાં નરનારી, જેને મળ્યા છે દેવ મુરારી ।
અતિ પવિત્ર ને પુણ્યવાન, તેનાં નામ સાંભળો નિદાન ॥૧૩॥
પ્રથમ કહું સાંખ્યયોગી ભાઈ, પછી કહું સાંખ્યયોગી બાઈ ।

ગૃહસ્થ હરિભક્ત નરનાર, કરૂં કિંચિત નામ ઉચ્ચાર ॥૧૪॥
સાંખ્યયોગી માંહિ શિરોમણિ, ભાવે નામ કહું તેનાં ભણી ।
મુખ્ય માંચો સોમલો મુગત, સુરો માતરો અલૈયો ભક્ત ॥૧૫॥
કાળો વાલેરો ને રાણસુર, લાખો નાન નાજો સંતસુર ।
એહ આદિ કાઠિજન કહીએ, સાંખ્યયોગી શ્યામસંગે લહીએ ॥૧૬॥
ભક્ત વેરોજી આતમારામ, ડુંગરજી ભગુજી અકામ ।
માનસિંહ ને કેશરીસિંઘ, ખરા ક્ષત્રિ એ ભક્ત અનઘ ॥૧૭॥
ભક્ત ભાણો હમીર ભણીજે, ઉમોજી ઉભે ભક્ત ગણીજે ।
રવોજી રતનજી ગંભીર, લાખો કસલો ભીમ હમીર ॥૧૮॥
વીરો દેવો માન ગુમાનજી, કમો કાજુ નાથુજી કાનજી ।
લાધોજી નાનજી નારાયણ, એહ ક્ષત્રિ પ્રભુ પરાયણ ॥૧૯॥
ભક્ત મુળજી જાતિ લુવાણો, સદા સખા એ શ્યામના જાણો ।
એહ આદિ સાંખ્યયોગી કહીએ, છે અપાર પાર કેમ લહીએ ॥૨૦॥
ઉકો હરજી રામજી દોય, કૃષિકર કરમશી સોય ।
જોધો જેઠો મેઘો હરિનાથ, ભગો અર્જણ બિજલો સાથ ॥૨૧॥
રાઠોડાદિ પ્રભુજીના દાસ, લાલો બાદર બે પ્રભુ પાસ ।
મિયાં કરિમ રયો હસન, રાજા ભૂલા નાથાદિ યવન ॥૨૨॥
એહ રહે છે પ્રભુજી પાસ, સર્વે તોડી જગતની આશ ।
એહ સાંખ્યયોગી સહુ જન, ભાવે કરે હરિનું ભજન ॥૨૩॥
કહું પ્રભુતણા પારષદ, જેને કામ ક્રોધ નહિ મદ ।
મોટા મુક્ત છે મુળજી નામ, વરણિરાટ જન જેરામ ॥૨૪॥
એહ આદિક બીજા જે ઘણા, સદા પારષદ પ્રભુતણા ।
દીનાનાથ પ્રાગજી પુરાણી, જેની સુધાસમાન છે વાણી ॥૨૫॥
રહે હરિપાસે હમેશ, જેના મનમાં મોહ ન લેશ ।
એવા બહુ રહે હરિપાસ, થઈ ચરણકમળના દાસ ॥૨૬॥
હવે સાંખ્યયોગી બાઈઓ જેહ, જેને પ્રભુ સાથે છે સનેહ ।
અતિ ત્યાગી ને વળી અકામ, કહું તેનાં સાંભળજ્યો નામ ॥૨૭॥

મુખ્ય રાજબાઈની એ રીતિ, પ્રભુ વિના નહિ કિયાં પ્રીતિ ।
જીવુબાઈ જીવનાં ઉદાર, રાખ્યા પ્રભુ ન રાખ્યો સંસાર ॥૨૮॥
લાડુબાઈ પ્રભુજીને પ્યારાં, સુબુધ્ધિ સુલક્ષણે સારાં ।
મીણબાઈ જેવા મુનિરાજ, જેણે રાજી કર્યા મહારાજ ॥૨૯॥
અમરબાઈ દ્વિજ મર્મવાન, હરિસેવામાં જે સાવધાન ।
રામબાઈ બેઉ હરિભક્ત, ભજ્યા હરિ તજ્યું જેણે જક્ત ॥૩૦॥
અતિ વિરક્ત અમૃતબાઈ, જેણે ત્રોડિ સંસાર સગાઈ ।
ઝાઝો ઝમકુબાઈને વૈરાગ, કર્યું પ્રભુસારુ સુખ ત્યાગ ॥૩૧॥
રતિબા ફુલિબા રૂડાં જન, કર્યું કુળ પોતાનું પાવન ।
રાજુબાઈ કાજુ હરિદાસ, જેને ન લાગ્યો નાસ્તિક પાસ ॥૩૨॥
અમરબાઈ ને અમુલાંબાઈ, અદિબાને પ્રીત્ય પ્રભુમાંઈ ।
તન મનનાં સુખને ત્યાગી, પ્રભુચરણે પ્રીત્ય જેની લાગી ॥૩૩॥
એહ આદિ સાંખ્યયોગી જેહ, કહ્યાં એક ગઢડાનાં તેહ ।
સોમદેબાઈ ને સુરબાઈ, થઈ સોમાબાઈની ભલાઈ ॥૩૪॥
હવે કહું બીજાં હરિજન, જેનાં પ્રભુ પરાયણ મન ।
કહેવા માત્ર કર્મયોગી નામ, અતિ અંતરમાંહિ અકામ ॥૩૫॥
કહું નામ તેનાં નિરધાર, જેને પ્રભુજી સાથે છે પ્યાર ।
અતિ પ્રીત્ય જેને પ્રભુમાંઈ, તેહ વિના બીજું દુઃખદાઈ ॥૩૬॥
ખરાં ખીમબાઈ પાંચુબાઈ, જેની કહી ન જાય મોટાઈ ।
નાનબાઈ ને કુંવરબાઈ, જસુબાઈની થઈ ભલાઈ ॥૩૭॥
સાંખ્યયોગીનાં સેવક જન, તેનાં પણ ભાગ્ય ધન્ય ધન્ય ।
બેની કલુ હિરૂ ને રતન, પ્રેમાં કરે પ્રભુનું ભજન ॥૩૮॥
ડોસી ગંગામા ને બાઈ દેવ, વિરૂ વળી કરે હરિસેવ ।
રામબાઈ નાથી કંકુ કૈયે, હરિસેવા વહાલી જેને હૈયે ॥૩૯॥
માનું મધુ અવલ ઈત્યાદિ, હરિજન જીવી વાલી આદિ ।
એહ સાંખ્યયોગીનાં સેવક, જાણે સર્વે વિધિએ વિવેક ॥૪૦॥
મન કર્મે કરે સેવકાઈ, એવો નિરધાર અંતરમાંઈ ।

વળી જાણે છે રાજી મહારાજ, એવું જાણીને કરે છે કાજ ॥૪૧॥
બીજાં ગઢડામાંહિ છે ઘણાં, નિજસેવક મહારાજતણાં ।
પ્રાણજીવન પ્રભુને જાણી, ભજે ભાવ ભિંતરમાં આણી ॥૪૨॥
પુરપતિ છે અતિ અવલ, કાઠી અનૂપ નામ એભલ ।
તેના પુણ્ય તણો નહિ પાર, જેનો અતિ પવિત્ર પરિવાર ॥૪૩॥
તેનો સુત તે ઉત્તમ નામ, સર્વે શુભગુણનું છે ધામ ।
કહીએ મોટ્યપ શું એની અતિ, કેદિ ન ચળે ધર્મથી મતિ ॥૪૪॥
સોંપી સર્વે હરિને સુજાણ, વર્તે પ્રભુની મરજી પ્રમાણ ।
જેને ઘેર નિત્ય મુનિજન, લિયે પ્રસાદ કરે ભજન ॥૪૫॥
જીવોખાચર આદિક જાણો, તેપણ ભક્ત પ્રભુના પ્રમાણો ।
વળી ઉત્તમ સુત જે બાવો, સ્પર્શિ પ્રભુ લીધો જેણે લાવો ॥૪૬॥
ધન્ય ભક્ત તે ધાંધલ ઘેલો, અતિનિર્મળ નહિ મન મેલો ।
માલો માણશિયો નાગદાન, જેને વહાલા છે શ્રીભગવાન ॥૪૭॥
ભક્ત ઉકો અતિનિર્માન, સંત ટેલમાંહિ સાવધાન ।
એહાદિ કાઠી ભક્ત અપાર, ભજી હરિ થયા ભવપાર ॥૪૮॥
ભટ્ટ ગોપી પ્રભુજીને પ્યારા, તેના સુત તે ત્રણ છે સારા ।
રઘુનાથ ને લાલજી નામ, ત્રીજો સુત વારુ જીવરામ ॥૪૯॥
દ્વિજ મકન કુરજી નામ, ભગો બેચર ને લખીરામ ।
રામચંદ્ર ને રતનેશ્વર, હરજીવન ડોસો જાગેશ્વર ॥૫૦॥
નાગરાદિ છે વિપ્ર અનેક, ભજે હરિ તજે નહિ ટેક ।
જુઠા લખા જુગલ વણિક, દો અમરશી ને ડાયો એક ॥૫૧॥
માલજી હીરો કૃષ્ણજી દોય, કાનજી ને રૂગનાથ સોય ।
કમળશી સુરચંદ્ર દોય, હરિભક્ત વણિક એ સોય ॥૫૨॥
શવો ખીમો ને કૃષ્ણ પ્રેમજી, વાલો વસતો મેઘો મુળજી ।
એહ આદિ છે ભક્ત સુતાર, જેઠા ભગાદિ કહીએ સોનાર ॥૫૩॥
જગા ગાંગા આદિ જે આહીર, સુણો ક્ષત્રિભકત શૂરવીર ।
સબલોજી જેસોજી પૂંજોજી, બેચર ને ગોવિંદ કાનજી ॥૫૪॥

એહાદિ ક્ષત્રિ ભક્ત અપાર, બીજા પણ અતિશે ઉદાર ।
ખીમો કુંભાર રૂગનાથ સઈ, દેવા આદિ દલવાડી કઈ ॥૫૫॥
નાથો હકો મુળજી રામજી, આંબો ખોડો ભાવસાર હરજી ।
રાજો જગો ને કેશવ કહીએ, રૂડા ભક્ત રાજગર લહીએ ॥૫૬॥
નકિ ભક્ત નાગાજણ રાણો, લખમણાદિ રાવલ જાણો ।
લાધો પ્રેમજી મેઘો કુરજી, હરજી ગાંગજી તેજો મનજી ॥૫૭॥
કલ્યાણ જીવો ડોશી જાનબાઈ, રાજુબાઈ ખરાં ખોજામાંઈ ।
કણબી કેશવ જેઠો સુંદર, ભાટ રાવજી ડોસો સાગર ॥૫૮॥
વાઘો માવજી રામો લુહાર, દેવો પુંજા દો ભીમો કુંભાર ।
કોળી માલો વાણંદ ગોવિંદ, દેવજી સાંગો કાળો સ્વછંદ ॥૫૯॥
એહાદિ જન ગઢડાવાસી, પ્રકટ પ્રભુજીના ઉપાસી ।
બીજા બહુ જન પ્રભુ પાસ, જેનો દેશ પ્રદેશમાં વાસ ॥૬૦॥
કહું તેનાં હવે ગામ નામ, જેણે પ્રભુ ભજયા તજી કામ ।
સાંખ્યયોગી કર્મયોગી જેહ, કહું સર્વે સાંભળજયો તેહ ॥૬૧॥
છે તો અપાર ને અગણિત, કહું તેમાં થકી હું કિંચિત ।
સમુદ્રમાં સકુન સુજાણ, પીવે પાથ તે ચાંચ પ્રમાણ ॥૬૨॥

પૂર્વછાયો- આગળ બહુ અવતારના, જન કહ્યા કવિએ વિચાર ।
પણ આજ જે ઓધરશે, તેનો નહિ થાય નિરધાર ॥૬૩॥

ઇતિ શ્રીમદેકાન્તિકધર્મ પ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય નિષ્કુળાનંદમુનિ વિરચિતે ભક્તચિંતામણિ મધ્યે ગઢડાનાં સાંખ્યયોગી હરિજન તથા સાંખ્યયોગી બાઈયો તથા મહારાજના પારષદનાં નામ કહ્યાં એ નામે એકસો ને બારમું પ્રકરણમ્ ॥૧૧૩॥